ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૬.૪ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૯ ટકા

# નવરાત્રીમાં પ્રસાદીયા પેંડાની બોલબાલા



ગાંધીનગર, તા.૧૧

નવદુર્ગાની આરાધનાના આ પર્વમાં સેકટરોની શેરી શેરીએ માતાજીના ગુણગાન ગવાય છે. સેકટરોમાં રંગબેરંગી રોશનીની ઝાકમઝોળ વચ્ચે રોજ બરોજ ગરબાની રમઝટ જામે છે. માતાજીની આરતી બાદ રોજ બરોજ નીતનવો પ્રસાદ પણ માતાજીને અર્પણ કરાય છે. ભાવિકો હરખઘેલા બની જગદંબાની આરાધનામાં તલ્લીન બન્યા છે. સેકટરોમાં પારિવારીક માહોલમાં ઉજવાતા ગરબા મહોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો આરતી સહિતની પૂજા વિધીમાં જોડાય છે. માતાજીને કંચનભોગ, મીની ગુલાબજાંબુ, કાજુરોલ, અંજીર રોલ, ટોપરાની કતરી, કાજુ કતરી, મીની કલાકંદ, મીની ગલેફા, ખજુર રોલકટ, પ્રસાદીયા બરફી અને પ્રસાદીયા પૈંડાનો પ્રસાદ ભકતો દ્વારા ધરાવવામાં આવે છે. નવરાત્રીને પગલે શહેરમાં મીઠાઈની દુકાનોમાં ભકતોની ભારે ભીડ જોવા મળે છે. જયારે પ્રસાદીયા પૈંડા અને વિવિધ પ્રસાદીઓ રૂ.૩૬૦ થી રૂ.૪૪૦ માં વેચાણ થાય છે. જયારે ભકતો પણ માતાજીને પ્રસાદી ધરાવવા માટે ઉત્સુક હોય છે. માતાજીની માંડવીઓમાં નવ નોરતા દરમિયાન એક થી વધુ પ્રસાદીઓ ભકતો દ્વારા લાવવામાં આવે છે. હાલના સમયે બજારમાં વેપાર વેપારીઓની ધારણા કરતા ઓછો જોવા મળે છે પરંતુ બે ત્રણ દિવસમાં ધંધો જામશે તેવી આશા વ્યકત વેપારીઓ કરી રહ્યા છે. પરંતુ આ વર્ષે પ્રસાદીયા પૈંડા અને પ્રસાદીયા બરફીની સાથે સાથે કંચન ભોગની પણ બોલબાલા છે.



## @ગાંધીનગર

● કલ્ચરલ ફોરમ દ્વારા ત્રીજા નોરતે દિપ્તી દેસાઈ અને અમીત ઠકકર ૭.૩૦ કલાકે ગરબાની રમઝટ બોલાવશે.

● શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સે-૫ ખાતે શેરી ગરબા યોજાશે જેમાં સ્મિતા મકવાણા દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૧ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર ગરબા રાત્રે ૮ કલાકે યોજાશે.

● સે-૭ શિવ શકિત નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ભાણાભાઈ મ્યુઝીકલ ગ્રુપ દ્વારા રાસ ગરબાની રમઝટ સે-૭-સી શિવશકિત મંદિર ચોક ખાતે બોલાવાશે.

● સે-૩ ન્યુ નવરાત્રી સમિતિ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે જુગલબંધી કલાવૃંદ દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૨ શોપીંગ સેન્ટર ખાતે માતાજીના ચાચર ચોકમાં ચેહર મ્યુઝીકલ ગૃપ દ્વારા ગરબાની રમઝટ રાત્રે ૮ કલાકે જામશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આસો સુદ ત્રીજના રોજ બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન વર્ષાબેન બી. સોલંકી બંગલા નં.૧, શકિતકૃપા સોસાયટી, સ્નેહ પ્લાઝા, આઈ.ઓ.સી. રોડ, ચાંદખેડા ખાતે આનંદનો ગરબો યોજાશે.

## રાજકોટમાં જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજય વસતા તમામ પાટીદાર પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે લગ્ન સંબંધી વિગતવાર માહિતી જેમ કે નામ, જન્મતારીખ, અભ્યાસ, ઉંચાઈ, વજન, ફોટોગ્રાફ, માતા-પિતાનો સંપર્ક નંબર, મોસાળ પક્ષ વગેરે જરુરી માહિતી વિનામુલ્યે મળી રહેશે. આ જીવનસાથી પસંદગી મેળામાં ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રી મેરેજવાળા ઉમેદવાર તમામ ભાગ લઈ શકશે. સગપણ બાકી હોય તેવા રસ ધરાવતા યુવક-યુવતિએ તાજેતરનો ફોટો બાયોડેટા સાથે તા. ૩૧ ઓકટોબર સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન રૂબરૂ નીચેના સરનામે ૧૫ કોપર આર્કેડ, વિશ્વેશ્વર મંદિર સામે, મવડી પ્લોટ મેઈન રોડ રાજકોટ ખાતે પહોંચાડવાનું રહેશે.



ગાંધીનગર ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની હેન્ડબૉલ રમતની અન્ડર-૧૫ બૉયઝ તથા અન્ડર-૧૯ બૉયઝ ટીમોએ ઑલ ઈન્ડિયા ઈન્ટર સાઈ હેન્ડબૉલ ટૂર્નામેટમાં પોતાની કેટેગરીમાં ગોલ્ડ મેડલ્સ જીત્યા છે. આ બંને ટીમોને સાઈ એસટીસીના વરીષ્ઠ કોચ શશિમોહન ધુમાલ તથા કોચ એસ.કે. દહિયા દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. આ ટૂર્નામેન્ટમાં અન્ડર-૧૫ ટીમે ફાઈનલમાં દિલ્હીની સોનિપત ટીમને ૨૪-૧૮ અને અન્ડર-૧૯ ટીમે સોનિપતની ટીમને ૨૨-૧૭થી પરાજય આપ્યો હતો.

# સે-૬ નવકાર કોમ્પ્લેક્ષની લીફટમાં વિદ્યાર્થી ફસાયો

## ફાયર બિગ્રેડની ટીમે અડધા કલાકની મહેનત બાદ બહાર કાઢયો

ગાંધીનગર,. તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૬ નવકાર કોમ્પ્લેક્ષની લીફટમાં આજે બપોરના સુમારે એક વિદ્યાર્થી ફસાઈ ગયો હતો. તે વિદ્યાર્થીને ફાયર બિગ્રેડની ટીમે કોલ મળતા જ તાત્કાલીક આવી જઈને હેમખેમ બહાર કાઢયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૬ ગ-૨ પાસે આવેલા નવકાર કોમ્પ્લેક્ષમાં આવેલા કલાસીસમાં આજે બપોરના સુમારે એક વિદ્યાર્થી આવ્યો હતો. તે વિદ્યાર્થીએ કોમ્પ્લેક્ષની લીફટમાં બેસીને ઉપર જવા માટે સ્વીચ દબાબી હતી.પરંતુ લીફટ નીચે ભોંયરામાં પહોંચી ગઈ હતી. જો કે ભોયરું તો મનપા કોર્પોરેશન દ્વારા સીલ મરાયુ હોવાથી બંધ હાલતમાં હતું. જેનો પગલે વિદ્યાર્થી મુંઝવણમાં મુકાઈ ગયો હતો. ત્યારબાદ મોબાઈલ નેટવર્ક મળતા તેને પોતાના મિત્રને ફોન કરીને લીફટમાં ફસાઈ ગયો હોવાની જાણ કરી હતી. જેથી વિદ્યાર્થીના મિત્રએ તાત્કાલીક ફાયર બિગ્રેડનો સંપર્ક કરીને કોલ કર્યો હતો અને ઘટનાની જાણ કરી હતી. કોલ મળતા જ ફાયર ઓફિસર એસ.એમ.શેખ પોતાની ટીમ સાથે સ્થળ પર પહોંચી જઈને પહેલા વિજ સપ્લાય કટ ઓફ કર્યો હતો અને લીફટ ગ્રાઉન્ડ પર લાવીનો દરવાજો ખોલવામાં સફળતા મળી હતી. લીફટમાં ફસાયેલા વિદ્યાર્થી બહાર નીકળતા રાહતનો શ્વાસ લીધો હતો.

# ચિલોડા ચોકડીથી ઈનોવામાં વિદેશી દારુ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ચિલોડા ચાર રસ્તા પરથી આજે વહેલી સવારે ચિલોડા પોલીસે વાહન ચેંકીગ દરમિયાન ઈનોવા કારમાંથી વિદેશી દારુની વિવિધ બ્રાન્ડની ૧૨૪ બોટલ સાથે કાર ચાલકને ઝડપી પાડ્યો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ ચિલોડા ચાર રસ્તા પાસે પોલીસના જવાનો વાહન ચેકીંગ કરી રહ્યા હતા.ત્યારે આજે વહેલી સવારે ૪.૪૫ કલાકના અરસામાં રાજસ્થાન તરફથી આવી રહેલી ઈનોવા કાર નં.આર.જે.૨૭.ટી.એ.-૧૧૪૦ ને થોભાવી ગાડીમાં તપાસ કરી હતી. પોલીસે ગાડી ચેક કરતા તેમાંથી ગેરકાયદેસર પાસ પરમીટ વગરનો વિદેશી દારુની બોટલ નંગ-૧૨૪ મળી આવી હતી. પોલીસે ઈનોવા કાર ચાલક અનુજ મહાવીર ખેડવા ઉં.વ.-૩૨ રહે. હીરણ મગરી ઉદેપુર રાજસ્થાનને ઝડપી પાડી મોબાઈલ નંગ. ૧ કિં.૧૦૦૦, દારુની બોટલ ૧૨૪ કિં.૫,૪૦૦ તેમજ ગાડીની કિંમત રૂ.૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૫,૦૬,૪૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સે-૨૭ના રેસા પરમાર પીએચડી થયા

ગાંધીનગરના સેકટર-૨૭માં પ્લોટ નં. ૭૪૧ ખાતે રહેતા અને રાજકોટની બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજ ખાતે



વ્યાખ્યાતાની સેવાઓ આપતા કુ. રેસા પ્રવિણભાઈ પરમારે 'આર્થરાઈટીસ માટે હર્બલ ટ્રાન્સફર્મલ ડ્રગ ડિલીવરી સીસ્ટમ' વિષયે તૈયાર કરેલ સંશોધનને યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને પીએચડીની પદવી એનાયત કરી છે. કુ. રેસા પરમારે આ સંશોધન કાર્ય ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સહઅધ્યાપક પ્રો. નિરંજન કણકીના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યુ હતું.

# માથે ગરબો મુકી ગરબા ગાવાની પ્રથા યથાવત

હિન્દુ સંસ્કૃતિનું મહાનશકિત પર્વ નવરાત્રી એટલે મા જગદંબાની અસીમકૃપા પ્રાપ્ત કરવાનો અવસર



ગુજરાતમાં વંશ પરંપરાગત અને ગ્રામ્ય વિસ્તારોમાં મા જગદબાની માંડવડી ફરતે ગરબે ઘુમવાની પરંપરા હજુ યથાવત છે જયારે શહેરી વિસ્તારોમાં ટ્રેડીશનલ પહેરવેશ સાથે અવનવા સ્ટેપ લઈ અલગ પ્રકારે ગરબે ઘુમી આનંદ મેળવાય છે ત્યારે સરગાસણમાં શ્રી શરણમ્ સોસાયટીમાં ગ્રામ્ય વિસ્તારની ઝલક નવરાત્રી પર્વમાં જોવા મળી. જેમાં માથે ગરબો મુકી ગરબે ઘુમી માતાજીના આ પર્વની પરંપરાગત પ્રથાની યાદ સૌને અપાવી હતી. પરંપરાગત માટીનો ગરબો લઈ તેના ઉપર દીવો પ્રગટાવી માથે મુકી એક પણ હાથ અડકાવ્યા વગર સમતોલન જાળવી એકાગ્રતાથી માતાજીના ગરબા ગાવાની આ પ્રથા સંસ્કૃતિના સંસ્મરણોને ફરીથી તાજા કર્યા હતા અને સૌ કોઈ આ દશ્ય નિહાળીને ગદગદિત બની ગયા હતા.

# વાવોલના સોસાયટી વિસ્તારમાં નવરાત્રિની શ્રધ્ધાપૂર્ણ ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના વાવોલ ખાતે નવ વિકસિત સોસાયટી વિસ્તારમાં પહેલા નોરતેથી જ નવરાત્રિના રાસ ગરબાની રમઝટ જામી રહી છે. વાવોલની સોસાયટીઓમાં માતાજીના સ્થાપનમાં પણ રહીશો દ્વારા શ્રધ્ધા સાથે સર્જનાત્મકતાના દર્શન કરાવાયા છે અને નયન રમ્ય માંડવીઓ તૈયાર કરવામાં આવી છે.

વાવોલના ગુડા વિસ્તારની સોસાયટીઓમાં નવરાત્રિનું પર્વ શ્રધ્ધાપૂર્વક ઉજવાઈ રહ્યું છે.



દરેક સોસાયટીમાં માતાજીના સ્થાપન સાથે નયનરમ્ય માંડવી તૈયાર કરાઈ છે. વાવોલના ગુડા વિસ્તારમાં દ્વારકેશ રેસિડેન્સી, શાલ્વિક શુકન, શાંતિ ઉપવન, અક્ષર સોસાયટી, શાલીન એપાર્ટમેન્ટ, સંકલ્પ રોયલ બંગલો, શુભમ, વૈદેહી એપાર્ટમેન્ટ વગેરે સહિત તમામ નવ વિકસિત સોસાયટીઓમાં માતાજીના આકર્ષક મંડપ તૈયાર કરાય છે. આ સોસાયટીઓમાં રહીશો દ્વારા પારિવારિક માહોલમાં નવરાત્રિ ઉજવાઈ રહી છે. રહીશો દ્વારા નવરાત્રિના ગરબા પત્યા બાદ ચા નાસ્તાનું આયોજન પણ કરવામાં આવ્યું હોય છે જેમાં રહીશો પરીવાર સાથે આનંદ માણે છે. ખાસ કરીને ભૂલકાંઓ સોસાયટીમાં રાસ ગરબાનો આનંદ વિશેષ લૂંટી રહ્યા છે. વાવોલમાં જુની સોસાયટીઓ જેવી કે હરિનગર, કિર્તીધામ, ગ્રીનસીટી, ગ્રીનપાર્ક, કેશવપાર્ક, ચંદ્રલોક વગેરેમાં પણ પરંપરાગત રીતે નવરાત્રિની ઉજવણી કરાઈ રહી છે.

## મહિલા સશકિતકરણ અને કાનૂની જોગવાઈઓ પર પીડીપીયુમાં સેમિનાર

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે રાજયના કમિશન ફોર વિમેનના સહયોગથી પીડીપીયુના મહિલા સેલ દ્વારા એક દિવસીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. 'મહિલા સશકિતકરણ અને કાનૂની જોગવાઈઓ' વિષયે આયોજિત સેમિનારમાં રાજયના કમિશન ફોર વીમેનના અધ્યક્ષ લીલાબેન અંકોલિયા દ્વારા મહિલાઓ સાથે કાર્યસ્થળ પર થતી જાતીય સતામણીઓ અંગે વાત કરતા મહિલાઓને ટેકો આપતા કાયદાઓ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

સેમિનારમાં એડીશનલ કલેકટર અને કમિશનર ફોર વિમેનના મેમ્બર સેક્રેટરી વીણાબેન પટેલ, રાષ્ટ્રીય કાયદા વિભાગના સભ્ય અને હાઈકોર્ટના નિવૃત્ત જજ જસ્ટીસ રવિ ત્રિપાઠી, મહિલા અધિકારો માટેના વકીલ વૈભવી નાણાંવટી, કાનુની ચળવળકાર પ્રિતા ઝા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને અંદાજે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓનો માર્ગદર્શિત કર્યા હતા. વૈભવી નાણાંવટીએ વિદ્યાર્થીનીઓને ૧૮૧ હેલ્પલાઈનનો ઉપયોગ કરવા અંગે જયારે વીણાબેન પટેલે રાજયમાં મહિલાઓ માટે કમિશન ફોર વિમેનની પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કર્યા હતા. નિવૃત્ત જજ રવિ ત્રિપાઠીએ મહિલાઓએ માનસિકતા અને નાણાંકીય સ્વતંત્રતામાં પરિવર્તન લાવવા પર ભાર મૂકયો હતો. સેમિનારમાં પીડીપીયુના રજીસ્ટ્રાર પ્રો. તરૂણ શાહ, સ્ટુડન્ટ અફેર્સના ડીન ડૉ. ટી.પી. સિંહ, સેમિનારના નિયામક નીતા ખુરાના અને રીતુ શર્મા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે નવરાત્રી મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

ભારતીય સંસ્કૃતિ માતૃપ્રધાન સંસ્કૃતિ છે. તેમાંય નવરાત્રીનું આધ્યાત્મિક મહત્વ વિશેષ છે. આ સૌથી લાંબો લોકનૃત્ય મહોત્સવ છે અને એ ગુજરાતની આગવી ઓળખ છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરમાં નવરાત્રી મહોત્સવ ૨૦૧૮ની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મા આદ્યશકિતની આરાધના, સ્તુતિ સાથે રાસ ગરબાનું ઉત્સાહભેર આયોજન થયું હતું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મા. કુલપતિ પ્રો. ડૉ. કે.એસ. લિખિયા, વસંતબહેન કે. લિખિયા, મા. કુલસચિવ કમલામણીબહેન રાવ અધ્યાપકશ્રીઓ, સમગ્ર સ્ટાફ તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર નવરાત્રી મહોત્સવમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમના મુખ્ય સંયોજિકા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આસી. પ્રોફેસર ડૉ. રૂપમબહેન ઉપાધ્યાય હતા.



## શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કુલ ખેલમહાકુંભ કબડ્ડીની સ્પર્ધામાં ઝળકી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કુલની ખેલમહાકુંભ વર્ષ ૨૦૧૮-૧૯ અંતર્ગત ધોરણ-૮ની વિદ્યાર્થીની બહેનો તા. ૨૪-૯-૨૦૧૮ને સોમવારના રોજ મહાત્મા ગાંધી વિદ્યાલય સે-૧૬ ખાતે તાલુકા કક્ષાએ કબડ્ડી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં તેઓએ બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો તથા તા. ૩-૧૦-૧૮ના રોજ સ્વામિનારાયણ ધામ ધોળાકૂવા ખાતે જિલ્લા કક્ષાએ ભાગ લીધો હતો તેમાં પણ બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. સર્વ વિદ્યાર્થીની બહેનોને શાળાના આચાર્યા નીરૂબેને અભિનંદન પાઠવ્યા હતા તથા આગામી દિવસોમાં તેઓ રાજયકક્ષાએ ભાગ લેવા જશે.

# મા જગદંબાના દસ ભૂજાધારી મા ચંદ્રઘંટા સ્વરૂપનું પૂજન

## આજે ત્રીજા નોરતે દૈવીશકિતના પૂજનમાં કળશ અથવા મંદિરનો ઘંટ દાન કરવાનો મહિમા છે તેમજ પ્રસાદમાં ગાયનું દુધ ધરાવવાથી સાધક આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુકત બને છે




ગાંધીનગર, તા.૧૧

ઉપાસના, આરાધના અને અનુષ્ઠાનના મહાન પર્વ નવરાત્રીના બે દિવસ પસાર થઈ ચુકયા છે ત્યારે સાધકો આજે ત્રીજા નોરતે દસભૂજાધારી મા ચંદ્રઘંટા સ્વરૂપના પૂજન અર્ચન કરશે. શકિત, ભકિત અને શ્રધ્ધાના ત્રિવેણી સંગમ સમી નવલી નવરાતની રઢિયાળી રાત્રીએ ખેલૈયા પણ હરખના હિલોળે ચડી પુર્ણ ઉત્સાહથી માના ગરબે ઘુમી રહ્યા છે.

સર્વલોકની સર્વશકિતમાન મા ભગવતી જગદંબાના અનેક સ્વરૂપો કુળદેવી તરીકે પણ નવરાત્રી પર્વમાં પૂજાય છે. વંશપરંપરાગત રીતે માતાજીના વ્રત, અનુષ્ઠાન અને ઉપાસના કરી પરિવાર ઉપર માતાજીની અમી દૃષ્ટિ રહે તેવી ભાવના થઈ રહી છે જેમાં આજે ત્રીજા નોરતે માતાજીના ત્રીજા સ્વરૂપમાં ચંદ્રઘંટાનું પૂજન અર્ચન કરવામાં આવશે. મંત્ર અનુષ્ઠાનના આ પર્વના નવ દિવસમાં માતાજીની ભકિત કરી સાધક ઉર્જામય, તેજોમય, અજાતશત્રુ, બુધ્ધિવાન, ધનવાન અનો સત્તાવાન બની શકે તેવા મા જગદંબાના આર્શીવાદ પ્રાપ્ત કરે છે.

જેમાં આજે ત્રીજા નોરતે શકિત સ્વરૂપા મા ચંદ્રઘંટા સ્વરૂપનું વર્ણન ધાર્મિક ગ્રંથોમાં વર્ણવાયું છે તે મુજબ મા ચંદ્રઘંટા પ્રસન્ન મુદ્રામાં બિરાજમાન છે તેમના માથા પર ઘંટ આકારનો અર્ધચંદ્ર છે જેથી આ સ્વરૂપની ઓળખ ચંદ્રઘંટા થઈ છે. દસ ભૂજાધારી અને ત્રણ આંખ ધારી માતાજીના આઠ હાથમાં શસ્ત્ર છે જયારે બે હાથથી માતાજી આશીર્વાદ પ્રદાન કરે છે. સિંહ ઉપર સવાર માનું આ સ્વરૂપ યુધ્ધ માટે તૈયાર હોય તેવું લાગે છે. માતાજીના શરીરનો રંગ સોના જેવો ચમકીલો છે જે અત્યંત તેજસ્વી લાગે છે. માતાજીનું આ રૂપ પરમ શાંતિદાયક અને કલ્યાણકારી છે. માતાજીના પૂજન અર્ચન પછી મહિલાઓને ભોજન કરાવવાનો મહિમા છે તેમજ કળશ અથવા ઘંટ ભેટ સ્વરૂપે પ્રદાન કરી પ્રસાદનું ગાયનું દુધ ધરાવવાથી સાધક આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુકત બનો છે અને અપાર શકિતને વરે છે. શ્રધ્ધાપૂર્વક આ સ્વરૂપના પૂજનથી સ્વરમાં અલૌકિક દિવ્ય મધુરતા આવે છે. મા નવદુર્ગાના સ્વરૂપની પૂજાનો સમય ખૂબ જ સકારાત્મક ઉર્જાશીલ હોય છે જેથી સાધક દ્વારા એક ટાંણા અથવા નિર્જલા ઉપવાસી રહીને ભકિત કરાય છે. આમ નવરાત્રીમાં ભકિત અને ઉત્સવ થકી માના હરખથી ઓવારણાં લેવાઈ રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. પુંજાજી બાદરજી ઠાકોર, ઉ.વ. ૫૬
- સ્વ. બબુબેન પ્રભાતજી જાદવ, ઉ.વ. ૭૧
- સ્વ. દેવબહાદુર માનબહાદુર કામી, ઉ.વ. ૪૦
- સ્વ. ગનાનબા બાલુસિંહ વાઘેલા, ઉ.વ. ૯૩
- સ્વ. સીવીબેન રણછોડભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૫